**દર ચોમાસામાં એક જ જેવી સ્થિતિ : સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા ઉગ્ર માંગ કરાઇ**

# માત્ર થોડા વરસાદમાં જ કાલોલ મામલતદાર કચેરી જળબંબાકાર, અરજદારોને હાલાકી

**હજુ તો આગળ આખુ ચોમાસુ બાકી છે ત્યારે વહેલી તકે સમસ્યાનો નિકાલ કરવો એ જરુરી છે**



(પ્રતિનિધિ) કાલોલ, તા.1
ચોમાસાની શરૂઆતમાં જ માત્ર થોડાક વરસાદે તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખોલી નાખી છે. કાલોલ તાલુકા કક્ષાની મહત્વની ગણાતી મામલતદાર કચેરી ખાતે આજ રોજ સવારે વરસેલા સામાન્ય વરસાદમાં જ વ્યાપક પાણી ભરાઈ જવાની સમસ્યા સામે આવી છે. કચેરીના મુખ્ય પ્રવેશદ્વારથી લઈને અંદર સુધી વરસાદી પાણી ભરાઈ જતાં પોતાના સરકારી કામકાજ માટે આવતા સામાન્ય નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.મામલતદાર કચેરીના મુખ્ય ગેટ પર પાણી ભરાઈ જતાં વહીવટી તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા તરીકે કચેરીનો બીજો દરવાજો અર્ધ ખુલ્લો કરવામાં આવ્યો હતો. જોકે, તંત્રની ઘોર બેદરકારીને કારણે આ બીજા દરવાજા પાસે તંત્ર દ્વારા જપ્ત (કબજે) કરાયેલા વાહનો પાર્ક કરેલા પડ્યા હતા. જેના કારણે અરજદારો માટે ત્યાંથી પસાર થવું પણ અશક્ય બન્યું હતું. પરિણામે, કચેરીમાં આવતા વૃદ્ધો, મહિલાઓ અને નાગરિકોને ફરજિયાતપણે ગંદા પાણીમાંથી પસાર થઈને અંદર જવાની નોબત આવી હતી. નોંધનીય છે કે આ જ પરિસરમાં મામલતદાર કચેરી ઉપરાંત સબ રજીસ્ટ્રાર કચેરી,સીટી સર્વે ઓફિસ,તલાટી-કમ-મંત્રીની કચેરી, એટિવિટી સેન્ટર જેવા મહત્વના સરકારી વિભાગો આવેલા છે.

આ ઉપરાંત વિવિધ પ્રકારના દાખલાઓ, આવકના પ્રમાણપત્રો અને અન્ય દસ્તાવેજી કામગીરી માટે રોજબરોજ મોટી સંખ્યામાં લોકો અહીં આવે છે. આજે પાણી ભરાઈ જવાના કારણે આ તમામ અરજદારો અને મુલાકાતીઓ કલાકો સુધી હેરાન-પરેશાન થયા હતા. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, મામલતદાર કચેરીમાં વરસાદી પાણી ભરાઈ જવાની આ સમસ્યા કોઈ નવી નથી. દર વર્ષે ચોમાસામાં અહીં આ જ પરિસ્થિતિ સર્જાય છે.

## ફતેપુરા તાલુકામાં વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતિત વરૂણદેવને રીઝવવા વાલ્મિકી સમાજે હવન કર્યું



**ફતેપુરા :** ફતેપુરા તાલુકામાં વરસાદ ખેતર ખેડૂતોએ વાવણી કરેલા સોયાબીન તુવેર કપાસ મકાઈ ડાગર જેવા મોંઘાદાટ બિયારણ સદંતર ફેલ થઈ જવા પામ્યા છે ખેડૂતોને મોટી નુકસાની વેઠવાનો વારો આવી રહ્યો છે ત્યારે હજુ સુધી વરસાદના કોઈ એંધાણ ન જોવાતા ફતેપુરા વાલ્મિકી સમાજ દ્વારા વરૂણદેવને રીઝવવા માટે હવન કરવામાં આવ્યું છે ફતેપુરા તાલુકામાં વરસાદ ખેંચાતા ધરતીપુત્ર ચિંતિત થયા છે વરસાદની કાગડોળે રાહ જોવાઇ રહી છે મનુષ્યથી લઈ અબોલા પશુ પંખીઓને પણ મુશ્કેલી વેઠવાનો વારો આવી રહ્યો છે જે દરેક માટે ખુબ જ તકલીફવાળુ કામ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સા.આ.કેન્દ્ર સિંગવડ ખાતે "નમો સ્વાસ્થ્ય અભિયાન" અંતર્ગત ઓનલાઈન કાર્યક્રમનું આયોજન



**સિંગવડ :** આજે સામૂહિક આરોગ્ય કેન્દ્ર સિંગવડ ખાતે "નમો સ્વાસ્થ્ય અભિયાન" અંતર્ગત ઓનલાઈન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના સંબોધનનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિંગવડ તાલુકા પ્રમુખ શ્રીમતી ભાભોર નિર્મલાબેન નરવતભાઈ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સામાજિક કાર્યકર સુરેશભાઈ ચૌહાણ તાલુકા આરોગ્ય અધિકારી (THO) સિંગવડ, CHC સિંગવડના મેડિકલ ઓફિસર , નર્સિંગ સ્ટાફ તથા આરોગ્ય વિભાગના કર્મચારીઓએ ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પ્રોજેક્ટર દ્વારા મુખ્યમંત્રીના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા, જનકલ્યાણલક્ષી આરોગ્ય યોજનાઓના અસરકારક અમલીકરણ તથા ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

### દેવગઢબારિયા નગરપાલિકાના નિષ્ઠાવાન સફાઇ કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો



**દાહોદ :** દેવગઢબારિયા નગરપાલિકામાં છેલ્લા ૩૫ વર્ષથી સફાઈ કર્મચારી તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી નિવૃત્ત થયેલા શ્રી અશોકભાઈ લલ્લુભાઈ હરિજનના સન્માન અને વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. પોતાના જીવનના અમૂલ્ય વર્ષો શહેરની સ્વચ્છતા, જનસેવા અને નગરપાલિકાની ફરજ માટે સમર્પિત કરનાર 'કર્મચારીને સહકર્મચારીઓએ ભાવભીની વિદાય આપી સમગ્ર કાર્યક્રમમાં નગરપાલિકાના ચીફ ઓફિસર, પ્રમુખ તેમજ એક પણ ચૂંટાયેલા સત્તાધારી સભ્ય હાજર રહ્યા નહોતા. આ ગેરહાજરી માત્ર એક વ્યક્તિ પ્રત્યેની ઉપેક્ષા નથી, પરંતુ વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક સેવા આપતા તમામ સફાઈ કર્મચારીઓની લાગણીઓ સાથે જોડાયેલો વિષય છે. આવા કર્મચારીના સેવા નિવૃત્તિ પ્રસંગે જવાબદાર અધિકારીઓ અને લોકપ્રતિનિધિઓની ગેરહાજરીથી અનેક કર્મચારીઓની આંખો ભીની થઈ ગઈ હતી.

### કાલોલ તાલુકા પંચાયત ખાતે તલાટી અનિલભાઈ ગોસ્વામીને વયનિવૃત્તિ નિમિત્તે ભાવભીની વિદાય



**કાલોલ :** કાલોલ તાલુકાની સણસોલી ગ્રામ પંચાયતમાં તલાટી તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવનાર અનિલભાઈ ગોસ્વામીના વયનિવૃત્તિ નિમિત્તે કાલોલ તાલુકા પંચાયત ખાતે ભાવસભર વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ તલાટી મંડળના સભ્યોએ અનિલભાઈ ગોસ્વામીનું પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કર્યું હતું. ઉપસ્થિતોએ તેમના લાંબા અને નિષ્ઠાવાન સેવાકાળને યાદ કરી તેમની કામગીરીની પ્રશંસા કરી હતી તેમજ નિવૃત્તિ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી. વક્તાઓએ જણાવ્યું હતું કે અનિલભાઈ ગોસ્વામીએ પોતાની ફરજ દરમિયાન ગ્રામજનોને પારદર્શક અને જવાબદારીપૂર્વક સેવા આપી હતી. તેમની સરળતા, કાર્યનિષ્ઠા અને સૌહાર્દપૂર્ણ સ્વભાવને કારણે સહકર્મચારીઓ તેમજ ગ્રામજનોમાં તેઓ લોકપ્રિય રહ્યા હતા.

### પાવાગઢ મહાકાળી મંદિરે કચ્છના જોગણી પરિવારની અનોખી સેવા : સ્ટીલનું હવન કુંડ અર્પણ



**હાલોલ :** સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ સ્થિત શ્રી મહાકાળી માતાજીના મંદિરે કચ્છમાંથી આવેલા જોગણી પરિવારના ભક્તો દ્વારા એક અનોખી સેવા કરવામાં આવી છે. માતાજીને અર્પણ કરવામાં આવતી પૂજન સામગ્રીની પવિત્રતા જળવાઈ રહે તેવા ભાવ સાથે ભક્તોએ સ્ટીલનું ખાસ હવન કુંડ તૈયાર કરાવી મંદિર ખાતે અર્પણ કર્યું છે. કચ્છના જોગણી પરિવારના કેટલાક ભક્તો થોડા મહિના અગાઉ પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના દર્શન કરવા આવ્યા હતા. જોયું કે યાત્રાળુઓ દ્વારા માતાજીને ચઢાવવામાં આવતા શ્રીફળ ચૂંદડી, પ્રસાદ, અગરબત્તી સહિતની સામગ્રી ઘણી વખત રસ્તામાં કે દર્શન સ્થળ નજીક પડી રહેતી હતી અને અજાણતા લોકોના પગ નીચે આવી જતી હતી. માતાજીને અર્પણ કરાયેલી પવિત્ર વસ્તુઓનું આ રીતે અપમાન ન થાય તેવા ભાવથી જોગણી પરિવારના ભક્તોએ પોતાની શ્રદ્ધાથી સ્ટીલનું હવન કુંડ બનાવડાવી અર્પણ કર્યું.

**પોલીસે ફરાર આઇશર ચાલકને શોધવા તજવીજ હાથ ધરી**

## ઈન્દોર અમદાવાદ હાઈવે ઉપર પાલી ગામે બે વાહનો વચ્ચે અકસ્માત: એકનું મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.1
દાહોદના લીમખેડામાંથી એક અત્યંત દુઃખદ અને ગંભીર અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. ઈન્દોર-અમદાવાદ હાઈવે પર પાલ્લી ગામ નજીક આવેલા હડફ નદીના પુલ પાસે એક અજાણ્યા આઈસર ચાલકે ગમખ્વાર અકસ્માત સર્જ્યો છે, જેમા એક બોલેરોને મારી ટક્કર મળતી માહિતી મુજબ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (સ્ફઝન) ની સેવામાં ચોવીસે કલાક કાર્યરત એક ખાનગી બોલેરો ગાડીને એક પૂરપાટ ઝડપે આવી રહેલા અજાણ્યા આઈસર ચાલકે જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ



હતી કે બોલેરો ગાડી રોડ પર જ પલટી ખાઈ ગઈ હતી.

તેમાં બોલેરો ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે આ ભયાનક અકસ્માતમાં બોલેરો ગાડીના ચાલક દલાભાઈ બારીયાને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. મૃતક દલાભાઈ સ્ટફઝ- દ્વારા ૨૪ કલાક માટે રિકવિઝીટ (ભાડે) રાખવામાં આવેલી આ ખાનગી ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો ચાલક પોતાના વાહન સાથે ઘટના સ્થળેથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.! આ અંગેની જાણ થતાં જ લીમખેડ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. હાલમાં, લીમખેડા પોલીસે અજાણ્યા આઈસર ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તેને પકડી પાડવા માટેના ચક્રો ગતિમાન છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**દાહોદ જિલ્લાના લીલવા ઠાકોર ગામનો બનાવ**

## કુવામાં પડી જવાથી ૬ વર્ષની બાળકીનું મોત નીપજ્યું

(પ્રતિનિધિ) દાહોદ, તા.1
દાહોદ જિલ્લાના લીમડી તાલુકાના લીલવા ઠાકોર ગામમાં આજે એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. લીલવા ઠાકોર ગામના ડામોર ફળિયામાં રહેતી ૬ વર્ષની એક માસૂમ બાળકી પાણી ભરવા જતી હતી ત્યારે અચાનક કુવામાં પડી જતાં તેનું મોત નિપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતક બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. ગ્રામજનો દ્વારા તંત્રની ઘોર બેદરકારીના આક્ષેપો સ્થાનિક ગ્રામજનો દ્વારા મળતી માહિતી મુજબ, આ કુવા પર અગાઉ પણ ૩ થી ૪ વ્યક્તિઓના મોત થઈ ચૂક્યા છે. ગામ લોકોનો આરોપ છે કે આ કુવામાં 'નળ સે જળ'



અને 'વાસ્મો' (WASMO) યોજના હેઠળ કામગીરી કરવામાં આવી હતી, પરંતુ કુવાની સુરક્ષા કે સમારકામ બાબતે તંત્ર દ્વારા સંપૂર્ણ દુર્લક્ષ સેવવામાં આવ્યું છે. ગ્રામજનો ના જણાવ્યા અનુસાર, તેમણે અગાઉ પણ અનેક વખત સબંધિત વિભાગોમાં કુવાનું સમારકામ કરવા માટે લેખિત તથા મૌખિક રજૂઆતો કરી હતી. તેમ છતાં, તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારના નક્કર પગલાં લેવામાં આવ્યા નથી કે સમારકામની તસ્દી લેવામાં આવી નથી.

## અમદાવાદમાં મનપાના ડમ્પરની ટક્કરે સગીરનું કરૂણ મોત

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં પીરાણા વિસ્તારના દેવ હોટલ નજીક મનપાના ડમ્પરે ટ્યુશન જતાં એક સગીરને અડફેટે લેતા તેનું કરૂણ મોત નીપજ્યું છે. પીરાણા વિસ્તારના દેવ હોટલ નજીકથી સગીર પોતાના ઈલેક્ટ્રિક વાહન (EV) પર ટ્યુશન જવા નીકળ્યો હતો. તે દરમિયાન પૂરપાટ ઝડપે આવી રહેલા મનપાના ડમ્પરના ચાલકે સગીરના વાહનને જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં સગીરને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જોકે, ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અકસ્માત અંગે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. અકસ્માત બાદ ડમ્પર ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

**મહેકમ પ્રમાણે નિમણૂક થાય તો અરજદારોના ધક્કા બંધ થાય**

## સિંગવડ તાલુકાના 72 ગામ માટે માત્ર 7 રેવન્યુ તલાટી

(પ્રતિનિધિ) સિંગવડ, દાહોદ તા.1
સિંગવડ તાલુકામાં 72 ગામ આવેલા હોવા છતાં પહેલા માત્ર 7 રેવન્યુ તલાટીઓ જ કામ કરતા હતા. હવે બદલીઓ બાદ તો એ 7 જગ્યા પણ ખાલી પડતા મહેસૂલી તંત્ર સંપૂર્ણ ઠપ્પ થઈ ગયું છે. સ્ટાફની ઘટ અને કામનું ભારણ 72 ગામના 1 લાખથી વધુ લોકોના રેવન્યુ કામો માટે માત્ર 7 તલાટીનું મહેકમ એ જ સરાસર અન્યાય છે. હાલ બદલી બાદ નવા તલાટી હાજર ન થતા સમગ્ર તાલુકાનો ભાર એક તલાટી પર આવી ગયો છે. એક તલાટી પાસે 10-12 ગામનો ચાર્જ હોવાથી 7/12, 8-અ, વારસાઈ, આવક-જાતિના દાખલા જેવા કામો મહિનાઓથી પેન્ડિંગ પડી રહેતા હોય છે જ્યારે"સેજા પ્રમાણે તલાટી મુકો તો કામ ફટાફટ થાય" જાગૃત નાગરિકોનું કહેવું છે કે જો ખરેખર સરકારી મહેકમના હિસાબે અને સેજા સર્કલ પ્રમાણે રેવન્યુ તલાટીની નિમણૂક કરવામાં આવે તો 72 ગામના ખેડૂતો-અરજદારોને કચેરીએ ધક્કા ખાવા ન પડે. એક સેજા દીઠ એક તલાટી હોય તો એક જ દિવસમાં ઉતારા, નોંધ અને દાખલાના કામ પૂર્ણ થઈ શકે. ખેડૂતોને લોન, વીમો, સબસીડી માટે સમયસર દસ્તાવેજ મળી જાય. હાલની વાસ્તવિકતા "7 રેવન્યુ તલાટી હતા ત્યારે પણ 1 અઠવાડિયાના કામમાં મહિનો લાગતો. હવે તો તલાટી જ નથી. એક તલાટી સોમવારે આ ગામ, મંગળવારે પેલું ગામ એમ ફરે તો અરજદાર અને ધક્કા ખાવાના વારો આવતો હોય છે જ્યારે ઓનલાઈન અરજી કરો તો પણ તલાટીની સહી વગર કામ આગળ વધતું નથી," એવી વ્યથા અરજદારો ઠાલવી રહ્યા છે.

**દાહોદ એ આરટીઓ કચેરીમાં"વાડ જ ચીભડાં ગળે તો ફરિયાદ કોને કરવી"જેવો ઘાટ**

## કચેરીમાં ફરજ બજાવતા હુલામણા ઉપનામથી જાણીતા ઈન્સ્પેક્ટરના આશીર્વાદથી વહીવટદારો બન્યા બેફામ

(પ્રતિનિધિ) દાહોદ, તા.2
દાહોદ એઆરટીઓ કચેરી હાલમાં ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપોને કારણે ભારે ચર્ચામાં આવી છે. સામાન્ય જનતા પોતાના કાયદેસરના કામો માટે એ આરટીઓ કચેરીના ધરમ ધક્કા ખાઈ રહી છે. જ્યારે બીજી તરફ કચેરીમાં કાયદાની એસી તેસી કરી એક હુલામણા નામ વાળા ઈન્સ્પેક્ટરના આશીર્વાદથી એજન્ટો અને ખાનગી વહીવટદારોનો રાફડો ફાટ્યો છે. કેટલાક કમાણી કરાવી આપતા માનીતા ખાનગી વહીવટદારોએ આરટીઓ કચેરીમાં સમાંતર સત્તા ચલાવી રહ્યા છે. સામાન્ય નાગરિક જ્યારે લર્નિંગ લાઈસન્સ, ડ્રાઈવિંગ ટેસ્ટ,કે વાહન ટ્રાન્સફર જેવા સામાન્ય કામો માટે એ આરટીઓ કચેરીએ જાય છે ત્યારે તેમને જાણી જોઈને ધક્કા ખવડાવવામાં આવે છે, કાં તો લાંબી રાહ જોવી પડે છે અથવા તો આ માટે વહીવટ (લાંચ) કરવો પડે છે. એક હુલામણા ઉપનામથી જાણીતા ઈન્સ્પેક્ટર આણી મંડળીએ ભ્રષ્ટાચાર આચરવા વ્યવસ્થિત નેટવર્ક ગોઠવ્યું છે. જેમાં તેઓ કોડવર્ડનો ખેલ ખેલીને પોતાના ખિસ્સા ભરી રહ્યા છે. આ ખેલ સમજવા જેવો છે. કોડ-૬ એટલે ગુજરાત પાસિંગની ગાડીઓ માટેનો ફિક્સ વહીવટ અને કોડ-૯ એટલે અન્ય રાજ્યોમાંથી આવતી ગાડીઓ માટેનો ફિક્સ વહીવટ. આ કોડવર્ડ હેઠળ ઉઘરાવવામાં આવતી લાખ્ખો રૂપિયાની રોકડ સીધી સરકારી તિજોરીમાં જવાના બદલે અધિકારીઓ અને ખાનગી વહીવટદારોના ખિસ્સામાં જઈ રહી છે. જેનાથી રાજ્ય સરકારને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે.

**એક લાખથી વધુ વૃક્ષોની રોપણીથી પર્યાવરણ બચાવોનો સંદેશ**

## વિરાટ નારાયણ વનમાં પૂર્વ સાંસદ ભરતસિંહ પરમાર અને ટ્રસ્ટીઓના હસ્તે વૃક્ષારોપણ

(પ્રતિનિધિ) હાલોલ, તા.1
ભરતસિંહ પરમાર જેઠ સુદ પૂર્ણિમાના પવિત્ર અવસરે તાજપુરા સ્થિત વિરાટ નારાયણ વનમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે વડ અને પીપળાના પવિત્ર વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ પાવન પ્રસંગે વિરાટ નારાયણ વનના મુખ્ય સંયોજક, પૂર્વ સાંસદ તથા ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડના વર્તમાન ડિરેક્ટર શ્રી ભરતસિંહ પરમાર, શ્રી નારાયણ આરોગ્યધામ અન્નપૂર્ણા ટ્રસ્ટના ટ્રસ્ટી જયંતીભાઈ પંચાલ તથા સુનિલભાઈ શાહએ શ્રદ્ધાપૂર્વક વૃક્ષારોપણ કરીને હરિત ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો. આ પ્રસંગે ભરતસિંહ પરમારે જણાવ્યું કે, "વિરાટ નારાયણ વનમાં એક લાખથી વધુ વૃક્ષો વાવીને આ



સમગ્ર હરિત સંપદાને મહાકાળી માતાના શ્રીચરણોમાં અર્પણ કરવાનો અમારો દિવ્ય સંકલ્પ છે. આ માત્ર વૃક્ષારોપણ નથી, પરંતુ ધરતીમાતા, પ્રકૃતિ અને ભાવિ પેઢીઓ માટેનું રાષ્ટ્રયજ્ઞ છે." ભારતીય સનાતન સંસ્કૃતિમાં વડ (વટવૃક્ષ)ને અખંડ જીવન, દીર્ઘાયુષ્ય, સ્થિરતા અને અમરત્વનું પ્રતીક માનવામાં આવે છે. શાસ્ત્રોમાં વડના મૂળમાં બ્રહ્મા, થડમાં ભગવાન વિષ્ણુ અને શાખાઓમાં ભગવાન શિવનો નિવાસ માનવામાં

**પાછલા દોઢ વર્ષથી પોલીસ પકડથી દૂર હતો**

## ફતેપુરા પોલીસે પોકસોના ગુનામાં ભાગતો આરોપી ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) ફતેપુરા, તા.1
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ગામડી ગામના દોઢ વર્ષથી ચાકલિયા પોલીસ સ્ટેશનમાં પોક્સો ના ગુનાનો ચકમો આપી ફરાર થયેલા આરોપીને ફતેપુરા પોલીસ દ્વારા ફતેપુરા તાલુકાના ઢઢેલા ગામેથી ઝડપી લઈ ચાકલિયા પોલીસને કબજો સોંપવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર પંચમહાલ રેન્જ ગોધરાના પોલીસ મહાનિરીક્ષક વિધી ચૌધરી તથા દાહોદ જીલ્લાના પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ગુમ થયેલા-અપહરણ નો ભોગ બનેલા ભોગ બનનાર અને આરોપીઓને શોધી કાઢવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. ઝાલોદ વિભાગ નાયબ પોલીસ અધિક્ષક ડી.આર. પટેલના સુપરવિઝન હેઠળ ફતેપુરા પોલીસ સ્ટેશનના સ્ટાફને મળેલી બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરાઈ હતી. ચાકલિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપી નિલેષ રામસિંહ ડામોર (ઉ.વ.25), રહે. ગામડી ઓરા ફળીયું,તા. ઝાલોદ, જિ.દાહોદ છેલ્લા દોઢેક વર્ષથી ફરાર હતો. હાલમાં તે ફતેપુરા પોલીસ સ્ટેશન વિસ્તારના ઢઢેલા ગામમાં હોવાની ફતેપુરા પોલીસને માહિતી મળતા પોલીસે તપાસ કરી તેને ઝડપી પાડી ચાકલિયા પોલીસ સ્ટેશન ખાતે કબજો સોંપવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આ કામગીરીમાં પી.આઈ. પી. એ.જાડેજા,પી. એસ. આઈ. આર.વી. રાઠોડ, હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ કસુભાઈ,હેડ કોન્સ્ટેબલ ઈન્દ્રસિંહ ભાવસિંહ,કોન્સ્ટેબલ મનોજકુમાર ભીખાભાઈ,કોન્સ્ટેબલ ટીનેશકુમાર,સહીત અન્ય પોલીસ કર્મચારીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાનું જાણવા મળે છે.

**અન્ય એક ઘાયલને સારવાર માટે ખસેડ્યો**

## કાલોલ હાઈસ્કુલ પાસે લકઝરી બસે બાઈકને ટક્કર મારતાં એક યુવકનું મોત

(પ્રતિનિધિ) કાલોલ, તા.1
પોલીસ ફરિયાદ અનુસાર, ગત રાત્રે આશરે એકાદ વાગ્યાની આસપાસ રાકેશભાઈ અને તેમના કાકાના દીકરા પ્રકાશભાઈ ગલીયાભાઈ કટારા (ઉ.વ. ૪૫) પોતાની બજાજ પલ્સર મોટરસાયકલ (નંબર: RJ-03-AF-5180) પર સવાર થઈને વડોદરાથી પોતાના વતન ખેતીકામ માટે જવા નીકળ્યા હતા. મોટરસાયકલ રાકેશભાઈ ચલાવી રહ્યા હતા અને પ્રકાશભાઈ પાછળ બેઠા હતા. રાત્રિના આશરે ૨:૩૦ વાગ્યાની આસપાસ જ્યારે તેઓ કાલોલની એમ.જી.એસ. હાઈસ્કુલ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાછળથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક લકઝરી બસના ચાલકે (બસ નંબર: MP-09-DG-1394) બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી દીધી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને ભાઈઓ રોડ પર ફંગોળાઈ ગયા હતા. આ અકસ્માતમાં પાછળ બેઠેલા પ્રકાશભાઈને માથાના પાછળના ભાગે તેમજ મોઢા પર ગંભીર ઈજાઓ થતાં લોહીલુહાણ થઈ ગયા હતા, ઘટનાની જાણ થતાં જ ૧૧૨ જન રક્ષકની ગાડી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બંનેને સારવાર અર્થે કાલોલ સરકારી દવાખાને ખસેડ્યા હતા. જોકે, ત્યાં હાજર ફરજ પરના તબીબે પ્રકાશભાઈને મૃત જાહેર કર્યા હતા.જયારે અન્ય એક ઘાયલને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યો હતો.